ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ**

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૨૨/૨૩-૨૪/ 1222 તારીખ : 11 AUG 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,

**શ્રી અકબરઅલી યુ ભુરાણી,**
**ગેબનશા પીર દરગાહ સામે,**
**ધોલા પીર દરગાહ કમ્પાઉન્ડ,**
**મું.વઢવાણ,**
**જી.સુરેન્દ્રનગર.**

કેસ નં.૨૨/૨૩-૨૪

**મો.નં-૯૮૨૪૯ ૧૨૩૩૪**

**વિષય : કાયદાથી વિપરીત એચ.ટી.વિજ જોડાણનું કોટેશન આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૭/૦૬/૨૦૨૩ જે અત્રેની કચેરીને મળ્યા તા.૨૭/૦૬/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૨/૨૩-૨૪/૧૦૭૦ તા.૨૮/૦૬/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૨/૨૩-૨૪/૧૧૪૦ તા.૧૭/૦૭/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૪/૦૭/૨૦૨૩ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ પેટા વિભાગીય કચેરી, **વઢવાણ.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૨૨/૨૩–૨૪** ☜

વાદી :– **શ્રી અકબરઅલી યુ ભુરાણી,**

◈ **વિરૂઘ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૨૪/૦૭/૨૦૨૩** ◈

વાદી :– **શ્રી અકબરઅલી યુ ભુરાણી (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એમ વી ઝાલા,નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી અકબરઅલી યુ ભુરાણી, મું.વઢવાણ, જી.સુરેન્દ્રનગરની કાયદાથી વિપરીત એચ.ટી.વિજ જોડાણ નું કોટેશન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૨૨/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૨/૨૩–૨૪/૧૦૭૦ તા.૨૮/૦૬/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૪/૦૭/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી અકબરઅલી યુ ભુરાણી હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ વી ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગરા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ શ્રી અકબરઅલી યુ. ભુરાણી, રહેઠાણ: ગેબનશા પીર દરગાહ પાસે, વઢવાણ શહેરમાં રહેઠાણ ધરાવે છે.

૧.૨ વાદીની રજુઆત છે કે, તેઓ વઢવાણ શહેરમાં ગ્રાહક નંબર–૨૪૮૦૧/૫૫૬૬૭/૧ થી ઔદ્યોગીક હેતુ માટેનું ૧૦૦ કી.વો.નું તા.૦૯.૦૧.૨૦૧૭ થી વીજ જોડાણ સામ ફુડસના નામે ધરાવે છે અને તેઓ દ્વારા જીવન જરૂરિયાતની ખાદ્ય વસ્તુનું ઉત્પાદન કરવામાં આવે છે.

૧.૩ વાદીની રજુઆત છે કે, તેઓ દ્વારા વર્ષ–૨૦૨૨ થી માર્ચ–૨૦૨૩ તથા ત્યારબાદના આપવામાં આવેલ વીજ બીલ તથા માહે એપ્રિલ–મે ૨૦૨૩ નો અમો દ્વારા ૧૦૦ કી.વો.થી વધુ વીજભારનો

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

વપરાશ કરેલ નથી. તેમ છતાં, અમોને રૂા.૧૦,૧૧,૬૫૬/- નું એચ.ટી.નું કોટેશન આપવામાં આવેલ છે તે કાયદાથી તદન વીપરીત છે.

૧.૪ વાદીની રજુઆત છે કે, અમારા પ્લાન્ટમાં હાલ તેમજ નજીકના ભવિષ્યમાં ૧૦૦ કી.વો. વીજભાર ની જરૂરિયાત તેમ છતાં અમોએ ૧૦૦ કી.વો.નું વીજ કનેકશન રાખેલ છે. આથી અમોને વીજ કચેરી દ્વારા આપવામાં આવેલ કાયદાથી વીપરીત એચ.ટી.વીજ જોડાણનું કોટેશન રદ કરવા યોગ્ય કરવું.

૧.૫ વાદીની રજુઆત છે કે અમો જીવન જરૂરિયાતની ખાદ્ય વસ્તુનું ઉત્પાદન કરવામાં આવે છે. કોરોના કાળમાં અમો દ્વારા બીજા પ્લાન્ટની અમુક મશીનરી આ પ્લાન્ટમાં ચાલુ કરેલ હતી. પણ ત્યારબાદ તે મશીનરી ફરીવાર જુનાં પ્લાન્ટમાં શિફ્ટ કરી નાંખેલ હોય, હવે અમારે વધુ પાવરની જરૂરિયાત રહેતી નથી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :- ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ વાદીશ્રી અકબરઅલી યુ. ભુરાણી, રહેઠાણ-ગેબનશા પીર દરગાહ પાસે, ધોલા પીર દરગાહ શહેરમાં રહેઠાણ ધરાવે છે. તેઓ વઢવાણ પેટા વિભાગીય કચેરી ખાતે ગ્રાહક નંબર -૨૪૮૦૧ થી ઔધોગીક હેતુ માટેનું ૧૦૦ કી.વો.નું વીજ જોડાણ તા.૦૯.૦૧.૨૦૧૭ થી સામ ફુડસ ના નામે છે.

૨.૨ સપ્લાય કોડની શરત નં-૪.૯૫ મુજબ માંગ આધારીત એલ.ટી. વીજ જોડાણના કેસોમાં જો નોંધાયેલ અધિકતમ છેલ્લા નાણાકીય વર્ષ દરમ્યાન ઓછામાં ઓછું ૪ વખત ૫ % કે તેથી વધુ કરાર -માંગ થી વધેલ હોય તો, પરવાનેદાર ગ્રાહકને વીજભાર વધારા માટે અરજી પત્રક રજુ કરવા ૩૦ દિવસની નોટીસ આપશે. નોટીસની મુદત પુરી થતા સુધી ગ્રાહક પાસેથી કોઈ જવાબ ન આવે તો પરવાનેદાર છેલ્લા નાણાંકીય વર્ષમાં ગ્રાહકના એમ.ડી.આઈ.મીટરે દર્શાવેલ અધિકતમ ચાર રકોર્ડીગ ની સરેરાશ મુજબ ગ્રાહકની કરાર માંગ વધારવાની કાર્યવાહી શરૂ કરશે. આવા કેસમાં વધારેલી માંગ નિયમિત કરવા ગ્રાહક આ સંહિતાની જોગવાઈઓ અનુસાર લાગુ પડતા તમામ ખર્ચ ચુકવવા જવાબદાર બનશે. આવા ખર્ચ મળતા વધારેલી માંગને સુધારેલી કરાર માંગ ગણવામાં આવશે અને કરારની બધી જોગવાઈઓ સુધારેલી કરાર માંગ માટે આવા ગ્રાહકોને લાગુ પડશે. જે સબબ વાદીને વીજ ભાર વધારો કરવાનો થાય છે.

૨.૩ વાદી દ્વારા નાણાંકીય વર્ષ એપ્રિલ-૨૦૨૦ થી માર્ચ-૨૦૨૧ ના સમયગાળામાં પોતાની કરારિત વીજ ભાર કરતા વધુ વીજભારનો વપરાશ કરવામાં આવેલ છે. જેની માહિતી નીચે મુજબ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

| Consumer No | Name | Month | Year | Tariff | Actual Demand | Contract Demand | Contract Demand +5% |
|---|---|---|---|---|---|---|---|
| 24801556671 | Sam Foods | 7 | 2020 | LTMD | 107.8 | 100 | 105 |
| 24801556671 | Sam Foods | 8 | 2020 | LTMD | 106.4 | 100 | 105 |
| 24801556671 | Sam Foods | 9 | 2020 | LTMD | 108.5 | 100 | 105 |
| 24801556671 | Sam Foods | 10 | 2020 | LTMD | 115.4 | 100 | 105 |
| 24801556671 | Sam Foods | 11 | 2020 | LTMD | 110 | 100 | 105 |
| 24801556671 | Sam Foods | 12 | 2020 | LTMD | 108.9 | 100 | 105 |
| 24801556671 | Sam Foods | 1 | 2021 | LTMD | 116 | 100 | 105 |
| 24801556671 | Sam Foods | 2 | 2021 | LTMD | 116 | 100 | 105 |
| 24801556671 | Sam Foods | 3 | 2021 | LTMD | 115.3 | 100 | 105 |
| 24801556671 | Sam Foods | 4 | 2021 | LTMD | 115 | 100 | 105 |

ઉપર મુજબના વીજ વપરાશની માહિતી જોતા વાદીએ નાણાકીય વર્ષ ૨૦–૨૧ માં કુલ ૧૦ વખત કરારિત વીજ ભાર થી ૫ % કરતા વધુ વીજ વપરાશ કરેલ છે. વધુમાં વધુ ૫ % કરતા વધુ વીજ વપરાશની ૪ મહિનાની સરેરાશ કાઢતા વાદીએ ૧૧૬ કી.વો.નો વપરાશ માટે વધારો કરાવવો જોઈએ.(૧૧૫.૪૦+૧૧૬+૧૧૬+૧૧૫.૩૦)/૪) = ૧૧૬ કી.વો. જેનો પી.આર.ટી. રિપોર્ટ " LTMD Consumer Actual Demand > Contract Demand + 5%" આ સાથે જોડેલ છે.

૨.૪ ઉપર મુજબની માહિતી જોતા વાદીને સપ્લાય કોડની શરત નં–૪.૯૫ મુજબ એલ.ટી.ટેરીફમાંથી એચ.ટી.ટેરીફમાં વીજ વધારા માટે કામગીરી કરવાની થાય છે.

૨.૫ નાણાંકીય વર્ષ ૨૦૨૦–૨૧ ના અંતે અત્રેની કચેરી દ્વારા વાદીને વીજભાર માં વધારો કરવા માટેની નોટીસ જાવક નંબર–૨૫૪૬ તા.૩૦.૦૩.૨૦૨૧ થી આપવામાં આવેલ છે. જે નોટીસ વાદીએ મેળવેલ છે તેની રજી.એડી.ની સ્લીપ પણ આ સાથે જોડેલ છે. જેમાં સામ ફુડસ નો સિકકો પણ લગાવેલ છે.

૨.૬ વાદી એ વીજ કચેરી દ્વારા તા.૩૦.૦૩.૨૦૨૧ ના રોજ આપવામાં આવેલ નોટીસના અનુસંધાને તા. ૦૯.૦૯.૨૦૨૨ ના રોજ નોટરી કરેલ બાંયધરી પત્ર આપવામાં આવેલ છે. જેમાં જણાવેલ છે કે, નાણાંકીય વર્ષ ૨૦૨૦–૨૧ માં કરારીત વીજભાર કરતાં વધુ વપરાશ કરવામાં આવેલ છે. પરંતુ, ત્યારબાદ એક પણ વાર સદર વીજ જોડાણમાં વધુ વપરાશ કરવામાં આવેલ નથી. અને જો વધુ વપરાશ કરવામાં આવેલ માલુમ પડશે તો પોતે જાતે એચ.ટી.વીજ જોડાણમાં ટ્રાન્સફર કરવા બાહેંધરી આપું છું. જેથી સદર વીજ જોડાણ ચાલુ રાખવા માટે બાંયધરી પત્રમાં જણાવેલ છે. જે પત્ર અત્રેની કચેરીને ઈનવર્ડ નંબર–૮૨૩૩ થી તા.૧૩.૦૯.૨૦૨૨ ના રોજ મળેલ છે.

P.G.V.C.L. Bhavnagar Consumer Grievance Redressal Forum

૨.૭ વાદીએ બાંયેધરી પત્ર સાથે નં–PGVCL/R&C/1910 તા.૧૯.૦૩.૨૦૨૨ ના પત્રની નકલ જોડેલ છે. જે પત્રમાં ૪ નંબરના પોઈન્ટમાં આવેલ બીજા પેરેગ્રાફમાં દર્શાવેલ છે કે, જો કોઈ ગ્રાહક સદર કેસમાં બાંયેધરી આપે કે તેઓ દ્વારા હવે પછી ભવિષ્યમાં એક પણ વાર વીજ ભાર વધુ થશે નહીં. આમ ગ્રાહકને જે વર્ષમાં જે વીજ ભાર વધુ થઈ ગયેલ છે એની વધુ ચાર મહિનાની એવરેજ મુજબનો બે વર્ષનો ફીક્ષ ચાર્જ ભરવાનો થાય છે. જે મુજબ વાદીને ૧૬ કે.વી.એ.નો વધુ વીજ ભાર વપરાશ કરેલ છે. જેથી ૫૨ કે.વી.એ રૂા.૧૫૦/– લેખે ગણતરી કરતાં રૂા.૫૭,૬૦૦/– (૧૬*૧૫૦*૨૪ = ૫૭૬૦૦ ) ભરવાના થાય છે. જે વાદી દ્વારા ભરવામાં આવેલ નથી.

૨.૮ સદર બાબતે વાદી દ્વારા ઘણો સમય વીતી ગયો હોવા છતાં, કોઈ અરજી વીજ ભાર વધારા માટે નહિ કરવામાં આવતાં, અત્રેની કચેરી દ્વારા સપ્લાય કોડ ની શરત નં–૪.૯૫ મુજબ વાદીનું વીજ જોડાણ એલ.ટી. ટેરીફ માંથી એચ.ટી. ટેરીફમાં ફેરવી વીજભાર વધારા માટે વર્તુળ કચેરીની મંજુરી લઈને વાદીને વીજભાર વધારા માટેનું અંદાજપત્ર કુલ.રૂ.૧૦,૧૧,૬૫૬/– નું જાવક નંબર–૨૨૯૫ થી તા.૨૦.૦૫.૨૦૨૩ ના રોજ આપવામાં આવેલ હતું.

૨.૯ વાદીએ અંદાજપત્ર મળતા તા.૦૬.૦૬.૨૦૨૩ ના રોજ ફરી પત્ર લખવામાં આવેલ હતો. જેમાં, તેઓ દ્વારા હવે પછી ભવિષ્યમાં એક પણ વાર વીજ ભાર વધુ થશે નહિ. જેથી વીજ જોડાણ ચાલુ રાખવું તેમ જણાવેલ હતું

૨.૧૦ ત્યારબાદ વાદીએ જે બાંયધરી આપવામાં આવી હતી તે અન્વયે અત્રેની કચેરી દ્વારા જાવક નંબર –૨૯૦૪ થી તા.૧૬.૦૬.૨૦૨૩ ના રોજ બાંયધરી રદ બાતલ ગણી જવાબ આપવામાં આવેલ છે.

૨.૧૧ વાદીએ સપ્લાય કોડ ની શરત નં–૪.૯૫ મુજબ સદર વીજ જોડાણ એલ.ટી. ટેરીફ માંથી એચ.ટી. ટેરીફમાં ફેરવવા પાત્ર થાય છે. જે આપ સાહેબની જાણ સારૂં.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી શ્રી અકબરઅલી યુ. ભુરાણી, C/O સામ ફુડસ દ્વારા પ્રતિવાદી પીજીવીસીએલની કચેરી દ્વારા તેમનાં ૧૦૦ કે.વી.એ.ના વીજ જોડાણ ને એલ.ટી.માંથી એચ.ટી.કેટેગરી માં ફેરવવા બાબતની નોટીસને લઈને વિવાદ થતાં ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજીની રૂબરૂ સુનાવણી આજરોજ તા.૨૪.૦૭.૨૦૨૩ ના રોજ રાખવામાં આવેલ. જેમાં, વાદી તેમજ પ્રતિવાદીએ હાજર રહી પોતાની રજુઆતો કરેલ છે.

૩.૩ વાદી ગ્રાહક નં–૨૪૮૦૧ થી ૧૦૦ કે.વી.એ નું વીજ જોડાણ વઢવાણ ખાતે સામ ફુડસ ના નામે ધરાવે છે. વાદીના એલ.ટી.વીજ જોડાણમાં નાણાંકીય વર્ષ એપ્રિલ–૨૦ થી માર્ચ–૨૧ દરમ્યાન તેમના કરારીત વીજભાર ૧૦૦ થી ૧૦ વખતથી વધુ સમયે વધુ વીજભારનો વપરાશની નોંધ જોવા મળેલ છે. ( જેની વિગત પ્રતિવાદી દ્વારા **૨.3** માં રજુ કરેલ છે.)

P.G.V.C.L. Bhavnagar. Consumer Grievances Redressal Forum

૩.૪ પ્રતિવાદી દ્વારા જીઈઆરસીના સપ્લાય કોડની શરત નં–૪.૯૫ મુજબ ગ્રાહકને વધુ વીજભારની નોંધણી કરાવવા નોટીસ આપેલ છે. આ તબકકે વાદી દ્વારા પીજીવીસીએલ નો પત્ર નંબર–૧૯૧૦ તા.૧૯.૦૩.૨૦૨૨ મુજબ બાહેંધરી પત્રક આપી પોતે હવે વધુ વીજભારનો વપરાશ નહી કરે, તેવી બાંહેધરી તા ૧૩.૦૯.૨૦૨૨ ના રોજ પ્રતિવાદીની કચેરીમાં જમા થયેલ છે. પીજીવીસીએલ નો પત્ર નંબર–૧૯૧૦ તા.૧૯.૦૩.૨૦૨૨ મુજબ વધુ ચાર મહિનાની એવરેજ ૧૬ કે.વી.એ. મુજબનો બે વર્ષનો ફીકસ ચાર્જ એટલે કે, ૧૬ કે.વી.એ. ના વધુ વીજભારનાં પર કે.વી.એ.રૂા.૧૫૦/–લેખે ગણતરી કરી રૂા. ૫૭,૬૦૦/–ભરવાપાત્ર રકમ વાદી દ્વારા ભરપાઈ કરેલ નથી.

૩.૫ વાદી દ્વારા ત્યારબાદ પણ લાંબા સમય સુધી કોઈ કાર્યવાહી ન કરવામાં આવતાં પ્રતિવાદી દ્વારા એલ.ટી.માંથી એચ.ટી.ટેરીફમાં ફેરવવા વીજભાર વધારા માટેનું અંદાજપત્ર રૂા.૧૦,૧૧,૬૫૬/– પત્ર નંબર–૨૨૯૫ તા.૨૦.૦૫.૨૦૨૩ ના રોજ આપેલ. જેની સામે વાદી દ્વારા ફરીથી બાંહેધરી પત્ર તા. ૦૬.૦૬.૨૦૨૩ થી આપેલ, જે અરજી પ્રતિવાદી દ્વારા રદ ગણેલ છે.

આમ, પ્રતિવાદી ની કાર્યવાહી જી.ઈ.આર.સી.ના સપ્લાય કોડ ની શરત નં–૪.૯૫ મુજબની જણાય છે.

**૩.૬ આ તબકકે ફોરમને જણાય છે કે, વાદી પ્રતિવાદી દ્વારા આપેલ અંદાજપત્ર ભરવા માંગતા ન હોય તો તેવા સંજોગોમાં તેણે પ્રતિવાદીએ દર્શાવેલ ફીકસ ચાર્જની રકમ રૂા.૫૭,૬૦૦/– ભરપાઈ કરી નવું ફ્રેશ બાંહેધરી પત્રક (કરારીત કરતાં વધુ વીજભારનો વીજ વપરાશ હવે પછી નહી કરે તે મતલબનું) આપવાનું રહેશે. અન્યથા, પ્રતિવાદી અંદાજપત્ર મુજબની રકમ વાદી પાસેથી વસુલવા હકકદાર છે.**

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(ગેરહાજર)
( જે.એ. ગોસાઈ )
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

તારીખ :– ૨૪/૦૭/૨૦૨૩